### શહેરમાં ગરમીનો પ્રકોપ : ચાર આગના બનાવમાં ભારે નુકસાન

# વડોદરામાં સ્પા, ક્લીનર મશીન, સ્ક્રેપના સામાન અને સિદ્ધાર્થ ફાર્મમાં ભીષણ આગ

### ફાયર બ્રિગેડે તમામ આગ પર કાબુ મેળવ્યો કોઈ જાનહાનિ નહિ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
વડોદરા શહેરમાં વધતા ગરમીના પ્રકોપ વચ્ચે આગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાં એક જ દિવસે સ્પા સેન્ટર, ક્લીનર મશીનના ગોડાઉન, સ્ક્રેપના સામાન તેમજ સિદ્ધાર્થ ફાર્મ વિસ્તારમાં ભીષણ આગ લાગવાની ઘટનાઓ બનતા ફાયર બ્રિગેડ તંત્ર દોડતું થઈ ગયું હતું. અનેક સ્થળોએ આગ એટલી વિકરાળ બની હતી કે ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાયા હતા અને સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. આગને કાબૂમાં લેવા માટે ફાયર બ્રિગેડની અનેક ગાડીઓ તેમજ કર્મચારીઓને કલાકો સુધી ભારે જહેમત ઉઠાવવી પડી હતી. સદનસીબે તમામ બનાવોમાં જાનહાનિ ટળી હોવાનું સામે આવ્યું છે, પરંતુ લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. શહેરમાં વારંવાર બનતી આગની ઘટનાઓને પગલે ફાયર સેફ્ટીના નિયમો, ગોડાઉનમાં સુરક્ષા વ્યવસ્થા અને તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

**L&T નોલેજ સિટી પાસે**

## વડોદરા મનપાનું ડસ્ટ ક્લીનર મશીન આગની લપેટમાં



(પ્રતિનિધિ), વડોદરા. તા.9
વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી વડોદરા પ્રવાસને લઈને તૈયારીઓ અને સફાઈ અભિયાન હાથ ધરાયું છે. આ કામગીરી દરમિયાન આજે શહેરના પૂર્વ વિસ્તારમાં એક મોટી દુર્ઘટના ઘટતા રહી ગઈ હતી. સરદારધામ માર્ગ પાસે સફાઈ કરી રહેલું મહાનગરપાલિકાનું ડસ્ટ ક્લીનર મશીન આગની લપેટમાં આવતા રસ્તા પર ભારે દોડધામ મચી હતી. ફાયર બ્રિગેડે સમયસર આગ પર કાબૂ મેળવ્યો હતો. વડાપ્રધાનના રૂટ અને આસપાસના વિસ્તારોને ચમકાવવા માટે પાલિકાના સફાઈ મશીનો સતત કાર્યરત છે. આજે બપોરના સમયે L|T નોલેજ સિટી નજીક આવેલા સરદારધામ માર્ગ પર જ્યારે ડસ્ટ ક્લીનર મશીન રસ્તા પરની ધૂળ સાફ કરી રહ્યું હતું, ત્યારે અચાનક મશીનમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. જોતજોતામાં આગની જ્વાળાઓએ આખા મશીનને ઘેરી લીધું હતું. આગ લાગતા જ આસપાસના વાહનચાલકો અને રાહદારીઓમાં ફફડાટ ફેલાયો હતો.

**સમા-હરણી લિંક રોડ પર**

## સ્ક્રેપના સામાનમાં એકાએક ભીષણ આગથી દોડધામ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
સમા-હરણી રોડ પર આવેલી એક ખુલ્લી જગ્યામાં પડેલા સ્ક્રેપના સામાનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. લોખંડનું કટિંગ કરતી વખતે તણખો ઉડતા સ્ક્રેપમાં આગ ભભૂકી ઉઠી હતી અને જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. જેના કારણે લોકોમાં ફફડાટ ફેલાયો હતો.વડોદરામાં આગ લાગવાના બનાવો વધવા માંડ્યા છે. ત્યારે, વધુ એક આગની ઘટના સમા હરણી લિંક રોડ પર બની હતી. જેમાં ખુલ્લી જગ્યામાં મૂકી રખાયેલા સ્ક્રેપના સામાનમાં ભીષણ આગ લાગી હતી. આગ એટલી ભયંકર હતી કે દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા નજરે પડ્યા હતા. આસપાસની સોસાયટીના લોકોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા.સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે શશીકાંત ગોસાઈના સાળાએ આ ખુલ્લી જગ્યામાં ગેરકાયદેસર રીતે સામાન મુક્યો હતો. ઉપરાંત અહીં ઓઈલ અને કેમિકલના ખાલી બેરલો પણ પડ્યા હતા. જેના કારણે આગ વધુ ઝડપથી પ્રસરી હતી.

**આઈનોક્સ પાસે**

## એવરેસ્ટ ઓનીક્સમાં છઠ્ઠા માળે સ્પામાં આગ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
વડોદરા શહેરના નટુભાઈ સર્કલ થી આઈનોક્સ તરફ જવાના માર્ગે આવેલા એવરેસ્ટ ઓનિક્સ કોમ્પ્લેક્સના છઠ્ઠા માટે હોલીસ્ટિક વેલનેસ સ્પામાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. વીજ પુરવઠો બંધ થતાં ચાર જેટલી વ્યક્તિઓ લિફ્ટમાં ફસાઈ હતી. બનાવને પગલે ઘટનાસ્થળે પહોંચેલા વડીવાડી ફાયર સ્ટેશનના જવાનોએ રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. સહીસલામત લિફ્ટમાં ફસાયેલી વ્યક્તિઓને બહાર કાઢવામાં આવી હતી, જ્યારે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. નસીબે કોઈ જાનહાની થઈ ન હતી.વડોદરા શહેરમાં ગરમીના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે જેની સાથે સાથે આગ લાગવાના બનાવો પણ વધવા માંડ્યા છે, તેવામાં આજે શહેરના નટુભાઈ સર્કલથી આઈનોક્સ તરફ જવાના માર્ગે આવેલા એવરેસ્ટ ઓનિક્સ નામની બહુમાળી બિલ્ડીંગમાં છઠ્ઠા માળે આવેલ હોલીસ્ટિક વેલનેસ સ્પામાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

**સમા-સાવલી રોડ પર**

## સિદ્ધાર્થ ફાર્મમાં ભીષણ આગ, તંત્ર દોડતુ થયુ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
સમા-સાવલી રોડ પર દુમાડ ચોકડી નજીક આવેલા સિદ્ધાર્થ ફાર્મમાં ભીષણ આગ ફાટી નીકળતા ભારે દોડધામ મચી ગઈ હતી. આગ એટલી વિકરાળ હતી કે કાળા ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાતા ભયનો માહોલ સર્જાયો હતો.પ્રાથમિક માહિતી મુજબ, ફાર્મમાં પડેલા સૂકા પાંદડા અને ઘાસમાં કોઈ કારણોસર આગ લાગી હતી. ઉનાળાના સૂકા વાતાવરણ અને પવનના કારણે આગે જોતજોતામાં મોટું સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડો ફેલાઈ જતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર ફાઈટરોએ પાણીનો સતત મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા પ્રયાસ શરૂ કર્યા હતા. ભારે જહેમત બાદ આગને વધુ ફેલાતી અટકાવી કાબુમાં લેવામાં સફળતા મળી હતી. આ ભીષણ આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે ફાર્મના કેટલાક ભાગને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું.

### કાર ચાલક અને ડમ્પર ચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી

# મહારાણી શાંતાદેવી ત્રણ રસ્તા પાસે સરકારી ડમ્પર-કાર વચ્ચે અકસ્માત






( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
વડોદરા શહેરના મહારાણી શાંતાદેવી ત્રણ રસ્તા પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં ગવર્મેન્ટ ઓફ ગુજરાત પ.રેલવે લખેલા એક ડમ્પરના ચાલકે આગળ જઈ રહેલી કારને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતને પગલે રોડ પર ભારે અફરાતફરી મચી ગઈ હતી અને ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. કાર ચાલક પોતાની પત્નીને લઈને હોસ્પિટલ જઈ રહ્યા હતા. ત્યારે અચાનક પાછળથી આવતા ડમ્પરના ચાલકે કારને અડફેટે લીધી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કાર ચાલક ક્ષણિક સમય માટે ગભરાઈ ગયા હતા. અકસ્માત થતાં જ આસપાસના લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. જોકે, સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી, જે એક મોટી રાહતની વાત છે. આ ઘટનામાં એક વિચિત્ર વળાંક ત્યારે આવ્યો જ્યારે મીડિયાની ટીમ સ્થળ પર પહોંચી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતનો ભોગ બનેલી કાર પર આગળના ભાગે પોલીસની નેમપ્લેટ લાગેલી હતી. પરંતુ જેવી મીડિયાની ટીમ પહોંચી, કે તરત જ કાર ચાલકે કોઈ પણ કારણસર પોતાની કાર પરથી પોલીસની આ નેમપ્લેટ ઉતારી લીધી હતી, જે સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. બીજી તરફ, ડમ્પરના ચાલકે પોતાનો બચાવ કરતા જણાવ્યું હતું કે, સિગ્નલ ખુલતાની સાથે જ વાહનો આગળ વધી રહ્યા હતા અને તે સમયે આ ટક્કર થઈ હતી. તેણે વધુમાં ઉમેર્યું હતું કે જેની ભૂલ હશે તે સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ થઈ જશે. આ અકસ્માતને કારણે કારને મોટું નુકસાન પહોંચ્યું છે. ઘટનાના પગલે સ્થળ પર ટ્રાફિક જામ થતા વાહનચાલકોને પણ હાલાકી ભોગવવી પડી હતી. હાલ આ મામલે આગળની તપાસ અને કાર્યવાહીની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## નવરચના સ્કૂલ સામે યુવક પર અગમ્ય કારણોસર સ્ટમ્પથી હુમલો

વડોદરા : વડોદરા શહેરના સમા વિસ્તારમાં નવરચના સ્કૂલ નજીક એક યુવક પર અજાણ્યા શખ્સ દ્વારા લાકડાના સ્ટમ્પથી હુમલો કરાયો છે. છાણી જકાતનાકા વિસ્તારમાં રહેતા અને મૌલી ગામે ઈંટના ભઠ્ઠાનો વ્યવસાય કરતા 34 વર્ષીય શાદાબખાન રફનખાન પઠાણે આ મામલે ત્રણ અજાણ્યા શખ્સો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ગત 4 મેની રાત્રે તેઓ બાઈક પર જીઆઈપીસી સર્કલ પાસેથી ઘરે જઈ રહ્યા હતા ત્યારે નવરચના સ્કૂલ સામે એક શખ્સે તેમની બાઈક ઉભી રાખાવી હતી. બાદમાં આરોપીએ લાકડાના સ્ટમ્પથી તેમના માથાના પાછળના ભાગે અને જમણા ખભા પર હુમલો કર્યો હતો. હુમલાથી બચવા તેઓ ભાગતા હતા ત્યારે હુમલાખોર તેમનો પીછો કરતો રહ્યો હતો. દરમિયાન લોકો ભેગા થઈ જતા આરોપીએ “ફરી મળ્યો તો પતાવી દઈશ” તેવી ધમકી આપી હતી.

### ગોત્રી વિસ્તારમાં તેના નિવાસ્થાનેથી દબચ્યો

## અકોટામાં ગાંજાના કેરીયરને ગાંજો આપનાર સપ્લાયર ઝડપાયો




( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
અકોટા વિસ્તારમાંથી એલસીબી ઝોન 2 ની ટીમ ટી-પોસ્ટ પાસેથી ગાંજાનું વેચાણ કરી રહેલા જીગર તોનુરામ બિસ્વાસ (રહે. ગોપાલ સોસાયટી, બાજવા) ને 48.98 ગ્રામ ગાંજા સાથેની ધરપકડ કરી હતી. જ્યારે ગાંજાનો સપ્લાયર તરીકે મોઈન નામના વ્યક્તિ વોન્ટેડ જાહેર કર્યો છે. એલસીબી ઝોન 2 ની ટીમે ફરાર આરોપી મોઈન વિપુલભાઈ રાઠોડ પોતાના નિવાસસ્થાન બહાર હાજર હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે ગોત્રી વિસ્તારમાં દરોડો પાડી આરોપીને ઝડપી પાડ્યો હતો.

આરોપી ગોત્રી જનરલ હોસ્પિટલ સામે આવેલી સુદામાનગર સોસાયટીમાં રહેતો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્યારબાદ વધુ તપાસ અને કાર્યવાહી માટે આરોપીને ગોત્રી પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપી પાસેથી પોલીસે આશરે રૂ.4 હજાર કિંમતનો મોબાઈલ ફોન કબ્જે કર્યો છે.

### વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ઈલ્યાસખાન અજમેરીને અમદાવાદથી દબોચ્યો

# લોન-સસ્તુ સોનુ અપાવવાના નામે રૂ.4.92 કરોડની ઠગાઈ કરનાર ઝબ્બે

વડોદરા શહેરમાં લોન અપાવવાના તેમજ સસ્તા ભાવે સોનુ અપાવવાના બહાને કરોડોની ઠગાઈ આચરનાર ગેંગના મુખ્ય સૂત્રધારને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. વર્ષ-2025 દરમિયાન જે.પી. રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીઓએ રૂ.10 કરોડની લોન અપાવવાની અને ઓછી કિંમતે સોનુ અપાવવાની લાલચ આપી રૂ.4.92 કરોડથી વધુની છેતરપિંડી કરી હતી. લાંબા સમયથી ફરાર રહેલા મુખ્ય આરોપી ઈલ્યાસખાન ઉર્ફે રાજવીર અજમેરીને અમદાવાદના જુહાપુરા વિસ્તારમાંથી ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે.

આ માર્ચ-2025 દરમિયાન સિગ્નેટ હબ તથા ગેંડા સર્કલ સ્થિત એટલાન્ટિક હાઈટ્સ ખાતે આવેલી રાધે એન્ટરપ્રાઈઝ ઈમ્પોર્ટ એક્સપોર્ટ એન્ડ ફાઈનાન્સ નામની ઓફિસમાં વેપારીને વિશ્વાસમાં લઈ સસ્તુ સોનુ અપાવવાનું વચન આપ્યું હતું. ઉપરાંત રૂ.10 કરોડની લોન મંજૂર કરાવવા કમિશન અને એડવાન્સના નામે પણ રકમ વસૂલવામાં આવી હતી. આરોપીઓએ સોનાના બહાને રૂ.4.61 કરોડ અને લોન પ્રક્રિયા માટે રૂ.31 લાખ મેળવી કુલ રૂ.4.92 કરોડની માતબર રકમ પડાવી લીધી હતી. ત્યારબાદ ન તો સોનુ આપવામાં આવ્યું અને ન તો લોન અપાવી. આરોપીઓએ બનાવટી પોલીસ ઉભી કરી વેપારીને ધમકાવ્યો હતો.

પીઆઈ એસ.એમ. ગામેતી ટીમે તપાસ દરમિયાન મુખ્ય આરોપી ઈલ્યાસખાન ઉર્ફે રાજવીર સિરાજખાન અજમેરી (ઉ.વ. 41), મૂળ તાંદલજા, વડોદરા અને હાલ જુહાપુરા, અમદાવાદ રહેતો હોવાનું સામે આવ્યું હતું. આરોપી લાંબા સમયથી ફરાર હતો. જેને ક્રાઈમ બ્રાન્ચે શોધી કાઢી ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ ઈલ્યાસ અજમેરી લાંબા સમયથી દેશના અલગ અલગ રાજ્યોમાં લોકો સાથે સસ્તા ભાવે સોનુ અપાવવાની લાલચ આપી કરોડોની છેતરપિંડી કરતો હતો.

દરેક ગુનામાં તે અલગ અલગ સાગરીતોનો ઉપયોગ કરી લોકોને વિશ્વાસમાં લઈ નાણાં પડાવતો હતો. આરોપીનો ગુનાહિત ઈતિહાસ આરોપી સામે વડોદરા સહિત ગુજરાત અને કર્ણાટકમાં ઠગાઈ, વિશ્વાસઘાત, આર્મ્સ એક્ટ અને અન્ય ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

વર્ષ 2006થી લઈને 2024 સુધીમાં તેના વિરુદ્ધ છોટાઉદેપુર, રાવપુરા, સયાજીગંજ, જલપુર, અટલાદરા તેમજ બેંગલોરના એસ.જે. પાર્ક પોલીસ સ્ટેશનમાં વિવિધ ગુનાઓ નોંધાયા હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.

### અલકાપુરી ઓફિસની ચાવી ગુમ થતાં તાળુ તોડતા ભાંડો ફૂટ્યો

# BSNLની ઓફિસમાંથી કેબલ અને પ્લેટની ચોરી



(પ્રતિનિધિ), વડોદરા. તા.9
માંજલપુરના તુલસીધામ ચાર રસ્તા નજીક આવેલી કિશાન વિસ્ટા સોસાયટીમાં રહેતી સુજાતાકુમારી વિમલકુમાર છેલ્લા 23 વર્ષથી BSNLમાં ફરજ બજાવે છે અને હાલ અલકાપુરી સ્થિત ચકલી સર્કલ, રેસકોર્સ રોડ પર આવેલી ઓફિસમાં સબ ડિવિઝન ઈજનેર તરીકે કાર્યરત છે. ગત 25 એપ્રિલના રોજ કારેલીબાગ સ્થિત હેડ ઓફિસમાંથી સિનિયર અધિકારીઓ સુપરવિઝન માટે બ્રાંચ ઓફિસે આવ્યા હતા.જેમાં ચોથા માળે આવેલા સ્ટોરરૂમની ચાવી મળી આવી નહોતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ સ્ટોરરૂમમાં અગાઉ જુનિયર ટેલિકોમ ઓફિસર તરીકે ફરજ બજાવતા પ્રવિણભાઈ દેસાઈએ સયાજીગંજ ટેલિફોન એક્સચેન્જમાંથી લાવવામાં આવેલા 24 કોપર કેબલ તેમજ એક કોપરની પ્લેટ સહિત રૂ.1.50 લાખનો સામાન ત્યારબાદ રાખવામા આવ્યો હતો. ચાવી ન મળતા ઓફિસના કર્મચારી નવીનચંદ્ર સોલંકીને જાણ કરવામાં આવી હતી. બાદમાં સિક્યુરિટી ગાર્ડને બોલાવી અધિકારીઓની હાજરીમાં સ્ટોરરૂમનું લોક તોડી રૂમની તપાસ કરતા અંદર રાખેલો તમામ કોપરનો સામાન ગાયબ જણાયો હતો. ઉપરી અધિકારીઓને જાણ કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાવવાનું સૂચન કરાતા ફરિયાદ નોંધાઈ હતી.

### સીસીટીવી ફૂટેજ બહાર આવતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ

# કલાલીમાં ચોરોએ ચાર મકાનના તાળા તોડયા, બે ચોર CCTVમાં કેદ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
વડોદરા શહેર પોલીસ પેટ્રોલિંગના દાવાઓ વચ્ચે કલાલી વિસ્તારમાં આવેલી સોસાયટીમા તસ્કરોએ વધુ એક જ રાતમા તરખાટ મચાવી પાંચ જેટલા મકાનોના તાળા તોડી નાખ્યા હતા. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવતા રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે. સીસીટીવી કેમેરામાં એક ભગવાધારી તથા અન્ય બેટ સાથે આવેલા ચોર કેદ થયો હતો. પોલીસે ફૂટેજ ના આધારે તપાસ શરૂ કરી છે. વડોદરા શહેરના કલાલી વિસ્તારમાં આવેલી વિસેજા મેરી ગોલ્ડ સોસાયટીમાં ગત મોડી રાત્રે તસ્કરોએ ખુલ્લેઆમ આતંક મચાવ્યો હતો. સોસાયટીમાં આવેલા ત્રણથી ચાર મકાનોના તાળા તોડી ચોરો ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક રહીશોમાં ફફડાટ વ્યાપી ગયો છે. સોસાયટીના પ્રવેશદ્વાર પાસે લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરામાં બે શંકાસ્પદ ઈસમો કેદ થયા હોવાનું જાણવા મળ્યું છે. ફૂટેજમાં એક ઈસમ ભગવા રંગના કપડાં પહેરીને ફરતો નજરે પડે છે, બીજો હાથમાં બેટ લઈને આસપાસ નજર રાખતો જોવા મળે છે. ચોરો જાણે પોલીસ પેટ્રોલિંગ ના અભાવે ચોરોને કોઈ ખૌફ ન હોય તેવી રીતે સોસાયટીમાં બિન્દાસ રીતે ફરી રહ્યા હોવાનું ફૂટેજમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ચડ્ડી-બનિયાન ગેંગ સહિતના તસ્કરો સક્રિય બન્યા હોવાની ચર્ચાઓ વચ્ચે આ બનાવે પોલીસ માટે વધુ એક પડકાર ઉભો કર્યો છે.ઘટનાની જાણ થતા અટલાદરા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ મેળવી તેમને ઝડપી પાડવા માટે કાર્યવાહી શરૂ કરી છે. માહિતી મુજબ ચાર જેટલા મકાનોના તાળા તૂટ્યા પરંતુ કેટલી મતાની ચોરી થઈ તેની તપાસ શરૂ કરાઈ છે.

### સિક્યુરિટી પોઈન્ટ્સ હોવા છતાં સગીરે ચોરી કરી નાંખી

# ગોત્રી હોસ્પિટલમાં મહિલા વોર્ડમાં હાથફેરો કરનાર ઝબ્બે

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
શહેરની જાણીતી ગોત્રી હોસ્પિટલમાં સુરક્ષા વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ઘટના સામે આવી છે. હોસ્પિટલના બીજા માળે આવેલા મહિલા વોર્ડમાં એક સગીર વયનો યુવાન મોબાઈલ ફોનની ચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયો છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી, જેના આધારે હોસ્પિટલ સિક્યુરિટી અને સંચાલકોએ ત્વરિત કાર્યવાહી કરી આરોપીને પકડી પાડ્યો હતો.

મળતી માહિતી મુજબ, ગોત્રી હોસ્પિટલના બીજા માળે જ્યાં મહિલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે, ત્યાં એક અજાણ્યો સગીર શંકાસ્પદ રીતે આંટાફેરા કરી રહ્યો હતો. તકનો લાભ ઉઠાવી તેણે વોર્ડમાંથી એક કિંમતી મોબાઈલ ફોનની ચોરી કરી પલાયન થવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હોસ્પિટલમાં લાગેલા તીક્ષ્ણ નજર રાખતા સીસીટીવી કેમેરામાં આ સગીરની શંકાસ્પદ હિલચાલ કેદ થઈ ગઈ હતી.

સીસીટીવી ફૂટેજ ચેક કરતા જાણવા મળ્યું હતું કે સગીર વયનો આ યુવાન ચોરીના ઈરાદે જ વોર્ડમાં દાખલ થયો હતો. ફૂટેજના આધારે હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફ અને સંચાલકોએ સતર્કતા દાખવી ગણતરીની મિનિટોમાં જ આ સગીરને શોધી કાઢ્યો હતો અને તેને ઝડપી લીધો હતો.ગોત્રી હોસ્પિટલમાં દર્દીઓ અને તેમના સગાની સલામતી માટે વિશેષ સુરક્ષા વ્યવસ્થાનો દાવો કરવામાં આવે છે. હોસ્પિટલના દરેક ફ્લોર પર અને સંવેદનશીલ વિસ્તારોમાં અલગ-અલગ સિક્યુરિટી પોઈન્ટ્સ પણ કાર્યરત છે. તેમ છતાં, એક સગીર વયનો છોકરો છેક બીજા માળે મહિલા વોર્ડ સુધી પહોંચી જાય અને ચોરીને અંજામ આપે, તે સુરક્ષામાં રહેલી મોટી ખામી તરફ ઈશારો કરે છે.

## સોમવારથી નવી ઓખા-તિરુપતિ સાપ્તાહિક ટ્રેનનો પ્રારંભ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.9
પશ્ચિમ રેલવે દ્વારા યાત્રિકોની સુવિધા માટે ઓખા અને તિરુપતિ વચ્ચે નવી સામાહિક ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. આ ટ્રેન સોમવાર, તા. 11 મે 2026થી શરૂ થનાર છે. ટ્રેન નં. 19560 ઓખા-તિરુપતિ એક્સપ્રેસ દર સોમવારે રાત્રે 23:35 કલાકે ઓખાથી ઉપડશે, મંગળવારે વહેલી સવારે 04:00 કલાકે રાજકોટ અને બુધવારે રાત્રે 23:30 કલાકે તિરુપતિ પહોંચશે. વળતી ટ્રેન નં. 19559 તિરુપતિ-ઓખા એક્સપ્રેસ દર ગુરુવારે સવારે 08:15 કલાકે તિરુપતિથી ઉપડી શનિવારે સવારે 05:25 કલાકે રાજકોટ અને 11:50 કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર ક્લાસ અને જનરલ કોચની સુવિધા રહેશે. ઓખા-તિરુપતિ એક્સપ્રેસનું બુકિંગ 10 મેથી રેલવે રિઝર્વેશન કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થઈ જશે.

### દૂધવાળા મહોલ્લા પાસે ફૂલ સ્પીડ એસયુવીએ સર્જ્યો અકસ્માત

# ન્યાયમંદિરના ભરચક વિસ્તારમાં સ્કોર્પિયો-સ્વિફ્ટ વચ્ચે અકસ્માત

પોલીસ ‘સીમાડા’ વિવાદમાં અટવાઈ , ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ




(પ્રતિનિધિ), વડોદરા. તા.9
રાવપુરા રોડ પર દૂધવાળા મહોલ્લા નજીક આજે સવારે જ્યારે વાહનોની અવરજવર હતી, ત્યારે ઓવરસ્પીડમાં આવેલી એક સ્કોર્પિયો ના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. ફૂલ સ્પીડમાં રહેલી આ કારે આગળ જતી મારુતિ સ્વિફ્ટ કારના પાછળના ભાગે ધડાકાભેર ટક્કર મારી હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે સ્વિફ્ટ કારનો પાછળનો ભાગ રીતસરનો દબાઈ ગયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ અકસ્માતને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને રસ્તો બ્લોક થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતા જોઈને સ્થાનિકોએ તુરંત 112 ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. પોલીસ કાફલો સ્થળ પર તો પહોંચી ગયો, પરંતુ નવાઈની વાત એ હતી કે લાંબો સમય સુધી આ વિસ્તાર અમારા પોલીસ સ્ટેશનમાં નથી આવતો તેવી ટેકનિકલ દલીલો ચાલતી રહી. ન્યાયમંદિર અને રાવપુરાની હદને લઈને સર્જાયેલી આ ગૂંચવણને કારણે લોકોમાં રોષ જોવા મળ્યો હતો. અંતે રાવપુરા પોલીસે મામલો હાથમાં લીધો હતો અને તપાસ શરૂ કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે અકસ્માતમાં સંકળાયેલી કાર પૈકી, એક કાર અમદાવાદ પાસિંગની છે. બીજી કાર ગોધરા પાસિંગની છે. જ્યારે ત્રીજું વાહન વડોદરા શહેરનું હોવાનું સામે આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોધરાના કારચાલકે આ મામલે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાવવાનો ઈનકાર કર્યો છે. વાહન ચાલકો વચ્ચે પરસ્પર સમજૂતી અને સમાધાનની દિશામાં વાતચીત ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, પાલિકાએ રસ્તાની વચ્ચે પાર્કિંગ ઝોન તો ફાળવ્યો છે, પરંતુ અપૂરતા આયોજનને કારણે અહીં વારંવાર અકસ્માતો સર્જાય છે. રાવપુરા પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને ખસેડી ટ્રાફિક પૂર્વવત કર્યો છે અને સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

### સમજાવવા ગયેલા વેપારી પર હુમલો

# વાઘોડિયા રોડ પર હોટલના પૂર્વ કર્મચારીઓની ધમાલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.9
વડોદરાના વાઘોડિયા રોડ પર પરીવાર ચાર રસ્તા નજીક આવેલી ક્રિષ્ના રેસ્ટોરન્ટ બહાર પૂર્વ કર્મચારીઓએ મોડીરાત્રે તોફાન મચાવી વેપારી પર ઈંટ વડે હુમલો કર્યો હતો. હુમલામાં વેપારીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી અને પાંચ ટાંકા લેવા પડ્યા હતા. બનાવ અંગે કપુરાઈ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બાપોદ જકાતનાકા પાસે હરિધામ કોમ્પ્લેક્સમાં રહેતા અને પરીવાર ચાર રસ્તા પાસે ચામુંડા પાન પાર્લર ચલાવતા અશોકભાઈ મણીલાલ રાજપુત છેલ્લા 25 વર્ષથી ફોરવીલ ટેમ્પોમાં પાન પાર્લરનો વ્યવસાય કરે છે. ગત મધરાતે તેઓ દુકાન બંધ કરી મિત્રોને સાથે વાતચીત કરી રહ્યા હતા ત્યારે ક્રિષ્ના હોટલના સિક્યુરિટી ગાર્ડ કનુભાઈ ભરવાડ સાથે બે શખ્સો ઉગ્ર બોલાચાલી કરી રહ્યા હતા. સિક્યુરિટી ગાર્ડે અશોકભાઈને બંનેને સમજાવવા વિનંતી કરતા તેઓ ત્યાં પહોંચ્યા હતા. દરમિયાન ઝઘડો કરતા બંને શખ્સો અગાઉ ક્રિષ્ના હોટલમાં નોકરી કરતા લખન સુરેશરાવ આર્યા અને અતુલ હરીશ આર્યા હોવાનું જાણવા મળ્યું હતું. બંને હોટલમાં હાલ કામ કરતા મનુ અને સંદીપ ઉર્ફે કાલુને બહાર કાઢવાની ધમકી આપી રહ્યા હતા. અશોકભાઈએ બંનેને ત્યાંથી જતા રહેવા કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તે દરમિયાન લખન આર્યાએ નજીકમાં પડેલી ઈંટ ઉઠાવી અશોકભાઈના માથાના પાછળના ભાગે ફટકારી હતી. ત્યારબાદ ધક્કો મારતા તેઓ નીચે પટકાયા હતા. હુમલા બાદ બંને આરોપીઓ હરીયાળી હોટલ તરફ ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત અશોકભાઈને તેમના ભત્રીજાએ પહેલા ખા હોસ્પિટલ અને ત્યારબાદ સોમા તળાવ નજીક આવેલી મંગલમ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. જ્યાં ડોક્ટરે માથામાં પાંચ ટાંકા લીધા હતા.